ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધી'નગર'ના ૯૧ ટકા પરિવારો માટે કચરા-પોતા કરવા શક્ય !

## નગરના દર દશે નવ પરિવારોના ઘરની ફર્શ પાકી




સેન્સસ ૨૦૧૧ની મકાનો, પરિવારોને ઉપલબ્ધ સુવિધાઓ અંગેની માહિતી આપતા પુસ્તક ગુજરાત શ્રૃંખલા-૨૫ અનુસાર ગાંધીનગરના શહેરી વસાહતી પરિવારો અને ગાંધીનગરના ગ્રામીણ પરિવારોમાં એક બાબતમાં ખાસી એવી સમાનતા મકાનોના સંદર્ભમાં જોવા મળે છે. ગાંધીનગર ગ્રામીણ ક્ષેત્ર અને શહેરી ક્ષેત્રના કુલ પરિવારો પૈકી અડધોઅડધ પરિવારો પાકા તળીયાવાળા (ફર્શ) મકાનોમાં વસે છે. અલબત્ત ગાંધીનગર ગ્રામ્યના મકાનોમાં તળીયા મોટાભાગે સિમેન્ટ, પથ્થર અને પાકી ઈંટોના છે. ટકાવારીની રીતે તેની ટકાવારી ૭૦ ટકાથી વધુ છે. જ્યારે નગરીય વિસ્તારોમાં તો એ પ્રમાણ ૯૧ ટકા જેટલું થાય છે. આ ઘરોમાં રોજ કચરાને પોતા થઈ શકે છે.

નગર વસવાટનો પાયાનો હેતુ નાગરિક અને ભૌતિક સુખસુવિધાનો હોય છે. નગરમાં નળ હોય, ગટર હોય, રસ્તા હોય એ આધારે જ ન.ગ.ર. એવી ઓળખ બન્યુ હશે. અને વર્તમાન સામાજિક વિકાસના મુદ્દાને ધ્યાનમાં લઈએ પાણી, વીજળી, આરોગ્ય સહિતની સેવાઓ અને પાકા મકાન તેમાં જોડી શકાય. આવી સમજણ જો સેન્સસના આંકડાઓ સાથે સરખાવીએ તો સ્પષ્ટ થાય છે કે ગાંધીનગરના નગરીય વિસ્તારોમાં આ સુવિધાઓનું પ્રમાણ ખૂબ જ સારૂ છે.

સેન્સસની આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરીએ તો ગાંધી'નગર'ના કુલ ૧ લાખ ૨૬,૭૪૦ પરિવારો પૈકી ૯૦૭ પરિવારો પાકી ઈંટોવાળા ફર્શ, ૧૦૩૮૧ પરિવારો પથ્થરની ફર્શ, ૩૪,૮૭૦ પરિવારો સિમેન્ટની ફર્શ અને ૭૦,૦૩૧ પરિવારો ચકચકતી-લીસી એવી મોઝેક ટાઈલ્સ કે ફલોર ટાઈલ્સ (લાદી)ની સુવિધા પોતાના મકાનમાં ધરાવે છે. નાગરિક સુખ સગવડો માટે આ સ્થિતિ ખૂબજ સુખદ કહેવાય.

માત્ર ઘરની ફર્શ પાકી હોય એટલે જ સ્થિતિ સુખદ કહેવીએ સમજી શકાય છે પરંતુ જુદા જુદા માપદંડોને જ્યારે ધ્યાનમાં લેવામાં આવતા હોય ત્યારે પાકી ફર્શની સુવિધા હોવી એ આનંદદાયક છે. આપણે તો ઈચ્છીએ કે માત્ર ગાંધીનગર જ નહીં સમગ્ર ગુજરાત અને ભારતમાં તમામ પરિવારોને પાકી ફર્શ, પાકી છત, પાકી દિવાલ-પૂર્ણ રૂપે પાકુ ઘર ઉપલબ્ધ થાય. એવા આદર્શ સાથે આપણે વિચારીએ તો ચોક્કસ એવો દિવસ જરૂર આવશે કે સમગ્ર રાષ્ટ્રના તમામ પરિવારોને પાકુ મકાન ઉપલબ્ધ થશે.

ગાંધીનગરની ફર્શના પાકા આંકડાઓ આપણે જોયા પરંતુ જો ગુજરાતના નગરોની સરખામણી કરીએ તો પાકી ફર્શની બાબતમાં હજુ ગાંધીનગર ૪ ટકા જેટલું પાછળ છે. ગુજરાતના શહેરી સેન્સસના ડેટા મુજબ ૯૬ ટકા પરિવારો પાકી ફર્શનો લાભ ધરાવે છે. અને ગ્રામીણ ગુજરાતની વાત જોઈએ તો ૫૩ ટકા પરિવારોને જ મકાનમાં પાકી ફર્શ છે. જ્યારે ગાંધીનગરના ગ્રામીણ ક્ષેત્રમાં ગુજરાતની સરખામણીએ સ્થિતિ સારી છે. ૭૦ ટકાથી વધુ પરિવારોને પાકી ફર્શ રહેવા માટે મળી છે. ગાંધીનગરના શહેરી વિસ્તારમાં ગુજરાતના અન્ય શહેરી વિસ્તારોની સ્થિતિએ વધુ સારી પ્રગતિ મેળવવા માટે અને ગ્રામીણ વિસ્તારોમાં વધુ સુવિધા વધારવા માટે આપણે નજર દોડાવીને કામ કરવું પડશે. ગાંધીનગરના (શહેર-ગ્રામ્ય બંન્ને) કુલ ૫૯,૧૧૦ પરિવારો (૨૦ ટકાથી વધુ) માટી, વાંસ-લાકડી કે એવી કાચી ચીજવસ્તુઓની ફર્શ સાથેની ચાર દિવાલોમાં વસે છે. આ છેવાડાના ગાંધીનગરાઓ માટે વિચારવું જ રહ્યું. ગ્રામીણ ગાંધીનગરમાં તેનું પ્રમાણ વધુ છે, અઠવાડીયે એક ગામના પરિવારને પાકી ફર્શનો લાભ મળે તો એક જ વર્ષમાં એક ગામના બાવન પરિવારો પાકી ફર્શ આપી શકાય. વહિવટીતંત્રએ વિચારવા જેવું ખરૂ ને ?

# શીતળા સાતમ નિમિત્તે ભાવપૂર્વક પૂજા-અર્ચના કરાઈ



શ્રાવણ વદ સાતમ નિમિત્તે ગાંધીનગર શહેરમાં શીતળાસાતમની પૂજા-અર્ચના ભાવપૂર્વક કરવામાં આવી હતી. જીવનભર સર્વ પ્રકારની શીતળતા શીતળા માતાની પૂજા કરવાથી મળે છે એવી આપણે ત્યાં માન્યતા છે, જેનું અનુસરણ પરંપરાથી કરવામાં આવે છે. એમાંય ખાસ કરીને માતાઓ દ્વારા પોતાનાં સંતાનો માટે શીતળામાતાની પૂજા કરવાનો ચાલ છે, જેનું અનુસરણ રવિવારે કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં પહેલીવાર ૨૪ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન 'પાણી સપ્તાહ'ની ઉજવણી કરાશે

## ગ્રામીણ વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થાનું સર્વગ્રાહી મૂલ્યાંકન એ આ સપ્તાહની મુખ્ય થીમ રહેશે

ગાંધીનગર, તા. ૨

આગામી ૨૪ સપ્ટેમ્બરથી ૨૯ સપ્ટેમ્બર દરમ્યાન રાજ્યમાં વાસ્મો દ્વારા 'પાણી સપ્તાહ'ની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 'પાણી સપ્તાહ - ગ્રામ્ય કક્ષાએ પાણી વિતરણ વ્યવસ્થાનું સર્વગ્રાહી મૂલ્યાંકન' તરીકે ઉજવવાનો હેતુ આ પાછળ રહ્યો હોવાનું સરકારના સૂત્રોએ જણાવ્યુ છે. આ પ્રકારનું મૂલ્યાંકન સમગ્ર દેશમાં કોઈપણ રાજ્ય દ્વારા પીવાના પાણી ક્ષેત્રે કરવામાં આવતી કામગીરીમાં પ્રથમવાર કરવામાં આવી રહેલ છે.

આ સૂત્રોએ સરકારના હેતુઓનું સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું છે કે પાણી પુરવઠાની આંતર માળખાકીય સુવિધાઓ અને વિતરણ વ્યવસ્થાપનમાં સાતત્ય જળવાઈ રહે તે માટે ભવિષ્યની કાર્ય પદ્ધતિનું આયોજન કરવુ તે પણ રહેલો છે.

પાણી પુરવઠા માટે ત્વરિત જરૂરિયાતવાળા ગામોની પ્રાથમિકતા નક્કી કરવી, પાણી પુરવઠા વ્યવસ્થાપનનું અસરકારક સંચાલન તથા આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા માટે આગોતરૂ આયોજન વગેરે હેતુઓ છે.

મળતી વિગતો પ્રમાણે પાણી વ્યવસ્થાપન ક્ષેત્રની મુખ્ય બાબતો જેવી કે સોર્સ-સંશાધનોની યાદી, વૉટર ઓડિટ તેમજ કાર્યક્ષમતા ઓડિટ, અસરકારક ફરિયાદ નિવારણ પદ્ધતિ, નિયમિત રેકર્ડની જાળવણી, પાણીની ગુણવત્તા અને ચકાસણી માટે સુદૃઢ મૂલ્યાંકન પદ્ધતિ તથા પાણીના કાર્યક્ષમ ઉપયોગ અને તેના પુનઃ વપરાશ માટે જનજાગૃતિ કેળવાય તે બાબતોને પણ આવરી લેવાનો હેતુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ સૂત્રોએ તો વિશેષ ગ્રામસભાનું આયોજન પણ આ સપ્તાહ દરમ્યાન થાય તેવો આગ્રહ કરવામાં આવ્યો છે એટલુ જ નહિ તમામ પદાધિકારીઓ ગામના જળસ્ત્રોતોની મુલાકાત લે અને આ માટે જનજાગૃતિ અભિયાન છેડવામાં આવે તે રીતે આગળ વધવા માટે જિલ્લાઓને સૂચના પણ આપવામાં આવી છે.

રાજ્યમાં આ વખતે વરસાદની ઘટ ખાસ કરીને મધ્ય, ઉત્તર ગુજરાતમાં વધુ છે ત્યારે આ સપ્તાહની ઉજવણી વધુ સાર્થક પૂરવાર થશે તેમ સરકારના સૂત્રોએ સ્વીકાર્યુ છે. સરકાર દ્વારા જળસંચયના કામોને જે રીતે પ્રાધાન્ય આપવામાં આવ્યુ તેના પછી પાણીના ઉપયોગને લઈ પણ આટલુ જ મહત્વ આપવાની દિશામાં આગળ વધવા માંગે છે.

# આકારણીની કામગીરી ઝડપથી પૂરી કરવા તાલુકા વિકાસ અધિકારીઓને તાકીદ

## વેરા વસુલી માટે પણ સમયબદ્ધ આયોજનનો આગ્રહ રાખતા ડીડીઓ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના જે ગામોમાં આકારણીની કામગીરી બાકી હોય ત્યાં ઝડપથી કામગીરી નવી આકારણી માટે કરવાની કડક તાકીદ જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ ચારેય તાલુકા વિકાસ અધિકારીઓને કરી છે.

દર ચાર વર્ષે નવી આકારણી કરવાની થતી હોય છે પણ તાજેતરમાં સમીક્ષા દરમ્યાન એવુ ધ્યાને આવ્યુ છે કે નવી આકારણી કરવામાં આવી જ નથી અને તેને કારણે આવકમાં જે વૃદ્ધિ દેખાવી જોઈએ તે દેખાતી નથી.

જિલ્લા વિકાસ અધિકારી કોયાએ આ કામગીરી ઝડપથી પૂરી થાય તે રીતે હાથ ધરવામાં આવે અને તે માટેનું આયોજન પણ કરવામાં આવે તેવો આગ્રહ સેવ્યો છે. જિલ્લામાં ૩૦૩ ગામો આવેલા છે. ૨૦ ટકાથી પણ વધુ ગામોમાં આકારણીની કામગીરી બાકી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લા વિકાસ અધિકારીએ સમીક્ષા બેઠકમાં વેરા વસુલાતની નબળી કામગીરીને લઈ પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે ખુબજ નબળી કામગીરી લોકલ ફંડ શેષ, પંચાયતી વેરાની વસુલી તેમજ શિક્ષણ ઉપકરની વસુલીમાં જોવા મળી રહી છે. તેમણે ચારેય તાલુકા વિકાસ અધિકારીઓને આ માટે તાકીદ કરતાં જણાવ્યુ છે કે સપ્ટેમ્બર માસમાં જમા બંધી થયા પછી નિયમિત રીતે વેરા વસુલાત પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે.

તેમણે આ સમીક્ષા બેઠકમાં જણાવ્યુ હતુ કે સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણમાં પણ અસરકારક મોનીટરીંગ ખુબજ જરૂરી છે. ગામતળની જે દરખાસ્તો કરવાની બાકી હોય તે ઝડપથી કરવા ઉપરાંત જે દરખાસ્તો કરી દેવાઈ છે તે ક્યાં પડતર છે તેની વિગતો સાથે અહેવાલ પણ આગામી સપ્તાહમાં રજુ કરવામાં આવે જેથી તેમની કક્ષાએથી તેના નિરાકરણ માટે જરૂરી પગલાં લઈ શકાય.

# કપાસ, મગફળી અને શાકભાજીના પાકોમાં વિવિધ રોગોનો ઉપદ્રવ : ખેડૂતો ચિંતીત

ગાંધીનગર, તા. ૨

જિલ્લાના હવામાનમાં સતત થઈ રહેલા બદલાવને પગલે ખરીફ ઋતુના મહત્વના પાકો કપાસ, મગફળી તેમજ શાકભાજીના પાકોમાં વિવિધ રોગના ઉપદ્રવ જોવા મળતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

કપાસના પાકમાં મીલીબગ ઉપરાંત લીલા તડતડીયાના ઉપદ્રવ પણ જોવા મળી રહ્યો છે. તો મગફળીના પાકમાં પાનના ટપકાનો રોગ અને ગેરૂની પણ અશરો જોવા મળી રહી છે.

શાકભાજીના પાકોમાં સફેદ માખી, થ્રીપ્સ, મોલોનો ઉપદ્રવ પણ કેટલાક વિસ્તારોમાં દેખાયો છે.

જિલ્લામાં હાલ વાતાવરણમાં સતત બદલાવ થતો રહેતો હોવાથી સપ્ટેમ્બર માસમાં આ પ્રકારનો રોગચાળો દેખાતો હોય છે. આ સ્થિતિ સામાન્યતઃ પ્રવર્તતી હોવાથી તંત્રએ પણ વિવિધ દવાઓનો છંટકાવ કરી અને માર્ગદર્શન માટે ગ્રામસેવકોના સંપર્કમાં રહેવા ખેડૂતોને જણાવ્યુ છે.

જિલ્લાના ખેતીવાડી વિભાગના સૂત્રોનો દાવો છે કે પરિસ્થિતિ પાકની સારી છે અને થોડો ઘણો જીવાત કે રોગનો ઉપદ્રવ છુટો છવાયો છે પણ તેને નિયંત્રણમાં લેવામાં કોઈ જ અડચણ નથી. તંત્રનો દાવો છે કે પાકની સ્થિતિ સારી છે.

ઉભા પાકમાં જરૂરીયાત મુજબ સિંચાઈ, આંતર ખેડ અને ખાતર તેમજ જંતુનાશકોનો ઉપયોગ ખેડૂતો દ્વારા કરવામાં આવી રહ્યો જ છે. આગામી સપ્તાહમાં આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને હળવો વરસાદ પડવાની સંભાવનાઓ હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# શહેરમાં આજે જન્માષ્ટમીનું પર્વ હર્ષોલ્લાસથી ઉજવાશે

## પંચદેવ મંદિર સહિત શહેરના મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવનાં વિશેષ આયોજન : ઠેર ઠેર મટકી ફોડના કાર્યક્રમો યોજાશે



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મનું પાવન પર્વ જન્માષ્ટમી હર્ષોલ્લાસ સાથે ઉજવાશે. આ પર્વની ઉજવણી માટે શહેરના પંચદેવ મંદિર સહિત મંદિરોમાં વિશેષ આયોજનો સાથે શહેરમાં અનેક ઠેકાણે મટકીફોડના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. બરાબર મધરાતે શહેરમાં 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી'ના જયઘોષ ગુંજી ઉઠશે.

શહેરમાં જન્માષ્ટમીની ઉજવણી પ્રતિવર્ષ પરંપરાગત રીતે કરવામાં આવે છે. આ વર્ષે પણ પંચદેવ મંદિરે કૃષ્ણ જન્મોત્સવ સાથે આરતી અને દર્શનનું આયોજન કરાયું છે. તેજ રીતે શહેરના અન્ય મંદિરોમાં પણ જન્માષ્ટમી પર્વ શ્રદ્ધા-ભક્તિભાવ સાથે ઉજવાશે. શહેરના મંદિરોમાં મધરાત સુધી શ્રદ્ધાળુઓનો ધસારો રહેશે અને ભગવાનના જન્મ દર્શન સાથે 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી, હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકીના જયઘોષ ગુંજી ઉઠશે. આ સાથે શ્રદ્ધાળુઓ હેતપૂર્વક ભગવાનના ઓવારણાં લેશે અને પંજરી તથા માખણ-શિશરીનો પ્રસાદ આરોગશે. આ સાથે શહેરના મંદિરોમાં વસાહતોમાં તથા ન્યુ ગાંધીનગરના વાવોલ, કુડાસણ, સરગાસણ અને રાયસણ જેવા વિસ્તારોમાં વિકસેલી સોસાયટીઓમાં પણ મટકી ફોડના કાર્યક્રમો યોજાશે. શહેરમાં અનેક યુવક મંડળો દ્વારા દહીં-હાંડીના કાર્યક્રમો યોજવામાં આવ્યાં છે. સાથે સાથે રાસ-ગરબા અને કૃષ્ણભજન કિર્તનના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યાં છે. શહેરના સેક્ટર-૨૧માં વૈષ્ણવ સંપ્રદાયની હવેલી ખાતે પણ જન્માષ્ટમીનું પર્વ પરંપરાગત રીતે ઉજવાશે જેમાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડશે.

# ગાંધીનગર રેલવે સ્ટેશનને ગ્રીન બિલ્ડીંગનું પ્લેટીનમ સ્ટેટસ મળશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના રેલવે સ્ટેશનને ગ્રીન બિલ્ડીંગનું પ્લેટિનમ સ્ટેટસ મળે તેવી સંભાવના છે. આ બિલ્ડીંગને પ્રવાસન સ્થળ તરીકે પણ જાહેર કરવામાં આવે તેવી સંભાવના છે.

ગયા જાન્યુઆરી મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફાઉન્ડેશન સ્ટોન મૂક્યો હતો તે આ સ્ટેશન ૮૦ કરોડના ખર્ચે પુનઃવિકસિત કરવામાં આવ્યું છે, તેમાં વિશ્વસ્તરની પેસેન્જર સુવિધાઓ અને આધુનિક સુવિધાઓ હશે.

એકવાર તૈયાર થઈ ગયા પછી, ગાંધીનગર રેલવે સ્ટેશન દેશમાં પહેલું બનશે, જે વિશ્વ સ્તરના ધોરણો જાળવશે. આ માટે યુ.એસ. ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (યુએસજીબીસી)માં પ્રખ્યાત પ્લેટિનમ રેટિંગ માટે અરજી કરવામાં આવશે. આ બિલ્ડીંગના રેટિંગ સૂચવે છે કે તે અત્યંત ટકાઉ છે, પાણી અને વીજળીની દ્રષ્ટિએ ખૂબ ઓછી ઉર્જાનો વપરાશ કરે છે અને $CO_2$ ઉત્સર્જન અને પર્યાવરણીય ઘટાડાને મંજૂરી આપે છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનના પ્રોજેક્ટ આર્કિટેક્ટ એન્ડ ડિઝાઈન ડિરેક્ટર રવિ રામપ્રિયાએ જણાવ્યું હતું કે એકવાર પ્રોજેક્ટ પૂર્ણ થઈ જાય તે પછી, યુ.એસ.બી.બી.સી.ના અધિકારીઓ તેની તપાસ કરશે. અમારો ઉદ્દેશ એક એવી ડિઝાઈન છે કે જે પ્રવાસીઓને નહીં પણ પ્રવાસીઓ અને સ્થાનિકોને આકર્ષે છે. આ માટે, શોપિંગ અને સુપરમાર્કેટ સ્પેસ બનાવવામાં આવશે. સ્ટેશન અને તેની ઉપરની હોટલમાં અલગ પ્રવેશદ્વાર હશે. હાલના ૩૦૦ વૃક્ષો અમારા ડિઝાઈન લેઆઉટમાં સામેલ કરવામાં આવ્યા છે.

છત સોલર પેનલ્સ એલઈડી લાઈટિંગ માટે પાવર પેદા કરશે. પ્રસંગો પર વિશિષ્ટ થીમ લાઈટિંગ સાથે, સ્ટેશન બિલ્ડિંગ પ્રકાશિત થશે. તેની પાસે ત્રણ પ્લેટફોર્મ અને પ્રાર્થના રૂમ, બાળકના ખોરાક અને પ્રાથમિક સારવાર ખંડ બનાવવામાં આવ્યો છે. જાન્યુઆરી ૨૦૧૯ સુધીમાં સ્ટેશન તૈયાર કરવાની તૈયારી છે.

અડાલજ સ્ટેપ-વેલના અષ્ટકોણ સ્તંભો, જે હોટેલના પ્રવેશ પર જોવા મળે છે જે ૧૧૦ મીટર જેટલી સ્તંભ વિનાની છતને આવરી લેશે. એક આર્ટ ગેલેરી સાથે સ્ટેશનની અંદર ૩,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં એક રાજ્ય કક્ષાનું મ્યુઝિયમ વિકસિત થવાનું છે.

# ગાંધીનગરના યુવા અગ્રણી હિતેન હિંગુનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના યુવા અગ્રણી હિતેન હસમુખ હિંગુનું આજે દુઃખદ અવસાન થયું છે.

૪૫ વર્ષીય હિતેન હિંગુની આજે નીકળેલી અંતિમયાત્રામાં શિક્ષણ જગતના અગ્રણીઓ, વેપારી આગેવાનો, કર્મચારી આગેવાનો તેમજ શ્રેષ્ઠીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. છેલ્લા થોડાક વર્ષોથી હિતેનભાઈ અમદાવાદ ખાતે સ્થાયી થયા હતા.

સદ્‌ગત હિતેનભાઈ હિંગુએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂર્વ ચેરમેન હસમુખભાઈ હિંગુના દિકરા થાય. સદ્‌ગતનું બેસણુ ગુરૂવારના તા. ૬ સપ્ટેમ્બરના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન સીમા હોલ પ્રહલાદનગર ખાતે રાખવામાં આવેલ છે.

# જન્માષ્ટમી હોવાથી સોમવારે પણ અક્ષરધામ ખુલ્લું રહેશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અક્ષરધામ આમ તો દર સોમવારે બંધ રહે છે પરંતુ આ વર્ષે સોમવારના દિવસે જન્માષ્ટમીનું પર્વ હોવાથી અક્ષરધામ મંદિર સોમવારે પણ ખુલ્લું રહેશે જેથી મોટી સંખ્યામાં ઉમટી પડનાર શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લઈ શકશે. આ પ્રસંગે સમગ્ર અક્ષરધામ સંકુલ ખુલ્લું રહેશે તેવુ મંદિરના સંચાલકોએ જણાવ્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com